અપીલ અરજી નં.પર તા.૧૨–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૨–૪–૧૦ની અરજીથી સેકશન અધિકારી શ્રી એસ ડી. મણિયાર ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર તરફથી પત્ર ક્રમાંક જીઆઈસી/મીસે/પરપ૬/૦૯–૧૦ તા.૨૪–૧૧–૦૯ ના રોજ સુમપાના કમિશ્નરને પત્ર રવાના કરવામાં આવેલ આ પત્ર બાબતે સુમપાના કમિશ્નરે શું શું તપાસ કરાવી અને માહિતી આયોગને શું રીપોર્ટ મોકલવામાં આવ્યો તેની નકલ ફાળવવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૫–૧૦ ની **SMC/FAP/** નં.પર/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૨–૪–૧૦ની અરજીથી સેકશન અધિકારી શ્રી એસ ડી. મણિયાર ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર તરફથી પત્ર ક્રમાંક જીઆઈસી/મીસે/ પરપ૬/ ૦૯–૧૦ તા.૨૪–૧૧–૦૯ ના રોજ સુમપાના કમિશ્નરને પત્ર રવાના કરવામાં આવેલ આ પત્ર બાબતે સુમપાના કમિશ્નરે શું શું તપાસ કરાવી અને માહિતી આયોગને શું રીપોર્ટ મોકલવામાં આવ્યો તેની નકલ ફાળવવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૨૪૪ તા.૨૦–૫–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને અરજદારે રજુ કરેલ પત્ર ક્રમાંક જીઆઈસી/મીસે/પરપ૬ /૦૯–૧૦ તા.૨૪–૧૧–૦૯ ના રાજય માહિતી આયોગના પત્રની નકલ સહિત મોકલવામાં આવેલ તથા અરજદારને પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવેલ નથી. તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૩૨૪ તા.૪–૬–૧૦ થી નોંધ વિભાગ,અરજદારની મુળ અરજીની નકલ અને પાઠવેલ પ્રત્યુત્તરની પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ/આ.નં.૨૨૬ તા.૧૧–૫–૧૦ ની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૬–૫–૧૦ ના પત્રથી સંદર્ભ જાહેર માહિતી અધિકારીમાં સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારી જણાવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને એપેલેટ અધિકારીના નામ તથા યાદી નાગરીક સુવિધા કેન્દ્ર ઉપર મુકવાની રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૧૨–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત અંગે સેન્ટ્રલઝોનને અરજી કરવામાં આવેલ. જે બાબતે સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧૨–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૨૬ તા.૧૧–૫–૧૦ થી " સેન્ટ્રલઝોન કચેરીનો ઉપલબધ રેકર્ડ ચકાસતા પત્ર ક્રમાંક નં.જીઆઈસી/મીસે/પરપ૬/૦૯–૧૦ તા.૨૪–૧૧–૦૯ સેન્ટ્રલઝોન કચેરીને મળેલ નથી " તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદાર તરફથી અપીલ તબકકે તા.૧૭–૫–૧૦ ના રોજ સદર અપીલના આધારોમાં (૧) મે જે માહિતી માંગેલ અને જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે. (૨) સેકશન અધિકારી ગુજરાત માહિતી આયોગ તરફથી જે પત્ર કમિ.શ્રીને રવાના કરવામાં આવેલ. જે પત્રના અનુસંધાનમાં માહિતી માંગવામાં આવેલ પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવે છે કે પત્ર અમને મળેલ નથી તેવી વાતનો છે. જે વાત માનવામાં આવે તેમ નથી. જયારે આ પત્રની નકલ મને મળેલ અને એની જ કોપી કમિ.શ્રીને મોકલાવેલ છે તો સુમપામાંથી નકલ ગઈ કયાં? (૩) આ સાથે સેકશન અધિકારી ગુજરાત માહિતી આયોગ તરફથી જે પત્ર મને મોકલાવેલ તેની કોપી સામેલ કરું છું માહિતી જરૂરથી આપવા સુચના આપવા વિનંતી. તેવી રજૂઆત કરેલ છે. અરજીની માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં આધારના મુદ્દા નં. ૨ થી પુછેલ પ્રશ્ન અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો ઉપસ્થિત કરેલ છે. જયારે આધારના મુદ્દા નં.૩ માં અરજદારે માહિતી માંગતા પત્રની જે નકલ રજૂ કરેલ છે. તે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૪૪ તા.૨૦–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારીને મોકલવામાં આવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પૂરક વિગતોમાં તે અંગે થયેલી કાર્યવાહીની કોઈ વિગતો અત્રે જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૨–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે અપીલ તબકકે અરજદારે પૂરી પાડેલી નકલ અત્રેથી મોકલવામાં આવેલ જે બાબતે થયેલ કાર્યવાહી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે

(૨) શ્રી હેમંત એન. દેસાઈ